## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




વકીલ સાહેબ... ઘરેલું હિંસાનો મારો કેઈસ તમારે લડવાનો છે... મારો મોબાઈલ અને પાસવર્ડ મારી વાઈફના હાથમાં આવી ગયો છે... એટલે ઘરેલું હિંસા તો થવાની જ...!!

# દહેગામમાં પક્ષ-પલ્ટાનું રાજકારણ, એક સભ્ય કોંગ્રેસમાં પરત ફર્યા છે : સૂર્યસિંહ

ગાંધીનગર, તા. ૨૧

સુબહ કા ભૂલા શામ કો ઘર વાપસ આતા હૈ તેવી વાતો સાથે આજે જિલ્લા કોંગ્રેસે દાવો કર્યો છે કે દહેગામ તાલુકા પંચાયતના સભ્યો ભાજપમાં જોડાયા છે તે અહેવાલો સાચા નથી. આ સભ્યોને લોભ, લાલચ આપી અને પંચાયતો તોડવાની હીનપ્રવૃત્તિ ભાજપ કરી રહ્યુ હોવાનો આક્ષેપ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ કર્યો છે.

ભાજપમાં ગયેલા ત્રણ સભ્યો પૈકી રમેશભાઈ પટેલને આજે મિડિયા સમક્ષ રૂબરૂ હાજર કરી ડાભીએ જણાવ્યું હતું કે અમારા સભ્યો અમારા છે ભાજપે જૂઠી વાતો કરી અને લોકતંત્રની હત્યા કરવા જેવી હિન પદ્ધતિઓ તેમજ શાસન પ્રણાલી અખત્યાર કરી છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે આશાબા ઝાલા, નિઝામુદીન કાઝી પણ કોંગ્રેસ સાથે સંપર્કમાં છે અને તેઓ પણ પક્ષની સાથે હોવાની વાતો તેમણે જાહેર કરી છે. જો કે આજે મિડિયાને તેમણે રમેશ પટેલનું લેખિત નિવેદન આપ્યુ હતુ જેમાં તેમણે કોંગ્રેસ પક્ષ સાથે હોવાનું અને પક્ષની નીતિ રીતિમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા હોવાનું જણાવ્યું છે.

# ગાંધીનગરમાં બે દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરની સેવાઓ ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના પાટનગરવાસીઓ માટે સેકટર-૬ અને ૨૧ અપનાબજાર નજીક



દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોરનો આરંભ થયો છે. આ બન્ને જન ઔષધિ સ્ટોરનું ઉદ્દઘાટન ગુડાના ચેરમેન આશિષભાઈ દવે અને ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ જણાવ્યું હતું કે, મહારોગો સામે લાખો રૂપિયાના આરોગ્યના ખર્ચને નિવારવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દિર્ઘદૃષ્ટીથી સામાન્ય નાગરિકોને ખૂબ જ રાહત અને નજીવા દરે દવાઓની સુવિધા અને આરોગ્ય સેવાઓ આમ નાગરિકોને મળે તે હેતુથી રાજયભરમાં બીજા તબક્કામાં ૫૦૦ જેટલા જેનરિક દવાઓના સ્ટોરની સુવિધા નાગરિકોને મળશે. વી.વી.આઈ.પી કલ્ચરલને તિલાજંલિ આપીને દેશભરમાં તમામ લાલ લાઈટો ગાડીઓ પરથી દૂર કરીને આમ જનતાને કોમનમેનની પ્રતિતી થાય તે હેતુથી કેન્દ્ર સરકારના નિર્ણયને આવકારીને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત તમામ મંત્રી મંડળ અને વરિષ્ઠ અધિકારીઓએ સરકારી વાહનો પરથી લાલ લાઈટ દૂર કરીને આમ જનતાને અનુભૂતિનો ઐતિહાસિક નિર્ણય અમલમાં મુક્યો છે. રાજય સરકારે આરોગ્ય ક્ષેત્રે વધુ સારી સુવિધા પ્રાપ્ત થાય તે માટે ૧૦૪ હેલ્પ લાઈન પણ કાર્યરત કરી છે.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડાં. અનિલ ચૌહાણે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા સહિત મોટી સંખ્યામાં ગાંધીનગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માહિતી ખાતાના નિવૃત્ત સહાયક માહિતી નિયામક વિનોદસિંહ રાઠોડ કર્યું હતું.

# ખેતરની ફરતે ફેન્સીંગ બનાવવા ખેડુત ઓનલાઈન અરજી કરી શકશે

## આઈ-ખેડુત પોર્ટલમાં તા.૨૧-૪-૧૭ થી ૩૧-૫-૧૭ના રાત્રીના ૧૨ વાગ્યા સુધી લાભાર્થીની અરજી સ્વીકારાશે

ગાંધીનગર, તા.૨૧

ખેતરમાં લહેરાતા પાકને રખડતા પશુઓ નુકશાન પહોંચાડે છે. જેને પગલે પાક વધુ થાય તેવી આશા રાખતા ખેડુતને નુકશાનીનો સામનો કરવો પડે છે. જેથી રાજય સરકાર દ્વારા તાજેતરમાં ખેડુતના ખેતરની ફરતે વાડ-ફેન્સીંગ બનાવવાની યોજના છે. આ યોજના અન્વયે ખેતરમાં તાર કે વાડ ફેન્સીંગ કરતા ખેડુતોને સરકાર દ્વારા લાભ આપવામાં આવે છે. ત્યારે આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ગુજરાત રાજયના તમામ ખેડુતો આઈ-ખેડુત પોર્ટલ પર તા.૨૧-૪-૧૭થી ૩૧-૫-૧૭ના રાત્રીના ૧૨ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકશે.આ અંગે વધુ માહિતી કે જાણકારી માટે ખેડુતો ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લી. તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ આવલે કચેરી તેમજ વિભાગીય કચેરીનો સંપર્ક કરી શકશે. જયારે આ યોજનાનો વધુ પ્રસાર અને પ્રચાર માટે ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લી. ની તાબા હેઠળની ઉપ-વિભાગીય કચેરીઓ ક્ષેત્રિય સ્ટાફને માહિતગાર કરવા જમીન વિકાસ નિગમના વહીવટી સંચાલકે જણાવ્યું છે. તેમજ જરુરીયાતમંદ અરજદારો દ્વારા વધુમાં વધુ અરજીઓ થાય તે અંગે જરુરી આયોજન કરવા તેમજ કરાવવા જરૂરી સુચના આપવી. જયારે લાભાર્થીઓ દ્વારા મળેલ ઓનલાઈન અરજીઓ પૈકી મંજુર થવા પાત્ર અરજીઓની ચકાસણી કરી મંજુરી થયેલી અરજીઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કૃષિ મહોત્સવ દરમ્યાન કરવામાં આવશે.

# દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ અમદાવાદ ગાંધીનગરનું વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ અમદાવાદ-ગાંધીનગરમાં વસવાટ કરતા પરિવારોનું ૨૮ મું વાર્ષિક સ્નેહમિલન સમારોહ તેમજ તેજસ્વી તારલાઓને સન્માનવાના કાર્યક્રમનું આયોજન તા.૨૩ એપ્રિલને રવિવારના રોજ ડો. બાબા સાહેબ આંબેડકર હોલ સેકટર-૧૨ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ચૌધરી સમાજના પરિવારોને સહકુટુંબ મિત્ર મંડળ સહિત પધારવા હાર્દિક અનુરોધ સંસ્થાના મંત્રી ડી.જે.ચૌધરીએ કર્યો છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઘનશ્યામભાઈ ચૌધરી નિવૃત આઈએએસ તેમજ વિનયકુમાર ચૌધરી નિવૃત આઈપીએસ સહતિ સમાજના આગેવાનો, વેપારીઓ, હોદેદારો હાજર રહેશે.



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે વોર્ડ. ૫ અને ૬ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. જેમાં ગુડા ચેરમેન શ્રી આશીષભાઈ દવે દ્વારા સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. આ સાથે કોર્પોરેટર કાર્તિક પટેલ, નાઝાભાઈ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, ઉપાધ્યક્ષ ઉરેન પટેલ તથા સૌ હોદ્દેદારો અને વોર્ડના સૌ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

# મહેશ કનોડીયાની તબિયત અચાનક બગડતા ગાંધીનગર હોસ્પિટલમાં

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજયના પાટણના પૂર્વ સાંસદ અને ગુજરાતી ફિલ્મ સ્ટાર નરેશ કનોડીયાના મોટાભાઈ મહેશ કનોડીયાની તબિયત અચાનક બગડતા તેઓને ગાંધીનગર સિવિલ હોસ્પિલ ખાતે લઈ જવાયા છે. તાત્કાલીક સારવાર વિભાગમાં પ્રાથમિક સારવાર બાદ તેઓને વધુ સારવાર માટે આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.મહેશભાઈને યુટીઆઈ ઈન્ફેંકશન હોવાનું જાણવા મળ્યું છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને સોમનાથ મંદિર ટ્રસ્ટની મીટીંગ આજે યોજાવાની હતી. જેમાં નરેશ કનોડીયા પણ સોમનાથ ટ્રસ્ટના સભ્ય હોવાથી મીટીંગમાં જવાના હતા. પરંતુ મહેશભાઈની નાદુરસ્ત તબિયતને પગલે તેઓ જઈ શક્યા નહોતા.

# સે-૨૭ અંબાજી મંદિર ચોક ખાતે વિષ્ણુયાગ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગોપાલ ભજન મંડળની સેકટર-૨૪ અને ૨૭ની બહેનો દ્વારા તા.૨૨ એપ્રિલને શનિવારના રોજ સેકટર-૨૭ અંબાજી મંદિર ચોક, ગાયત્રીનગર સોસાયટી ખાતે સવારે ૯.૧૫ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે. જયારે બપોરે ૪.૩૦ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતિ થશે. આ યજ્ઞના મુખ્ય આયોજનમાં મંજુલાબેન જીવણભાઈ પટેલ અને ચંપાબેન હિરાલાલ દરજી છે. જયારે આ યજ્ઞના દર્શન માટે શહેરના સૌ ધર્મપ્રેમી નાગરીકોને પધારવા ગોપાલ ભજન મંડળની બહેનો દ્વારા અનુરોધ કરાયો છે.


